# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૭-૮-૨૦૧૨**

- **કેન્દ્ર સરકાર તરફથી સૌથી વધારે એટલે કે ૨૬.૭ MMSCMD ગેસ ગુજરાતને મળે છે.**
- **કેન્દ્રમાં ભાજપની સરકાર હતી ત્યારે જે ગેસ ગુજરાતને મળતો હતો તેના કરતાં વધારે ગેસ કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવ્યા પછી ગુજરાતને અપાય છે.**
- **મુંબઈ, દિલ્હી અને ગુજરાત એ ત્રણેયને કેન્દ્ર સરકાર ૪.૨ યુ.એસ. ડોલર (માઈનસ રોયલ્ટી) પર MMSCMDની એકસરખી કિંમતે આપે છે.**
- **ગુજરાતમાં ગેસ ઉપર વેટ ૧૫% છે, જ્યારે દેશના અન્ય રાજ્યોમાં માત્ર ૪%થી ૦% વેટ છે.**
- **ચૂંટણી નજીક આવે છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીની અંદર રહેલો ગોબેલ્સનો આત્મા વધુ સક્રિય બને છે અને સદંતર જૂઠ્ઠાણાંઓ ચલાવે છે.**

ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રને પ્રાપ્ત કુલ ગેસનો ૨૭% જેટલો ગેસ આપવામાં આવે છે. ભૂતકાળમાં ભાજપની આગેવાનીવાળી એનડીએની સરકાર કરતાં કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકાર તરફથી ગુજરાતને ગેસની ફાળવણી વધારે કરવામાં આવે છે. Administered Prize Mechanism (APM) ગેસ ભારત સરકાર પાસે ઉપલબ્ધ છે, તેમાંથી ખૂબ મોટો હિસ્સો ગુજરાતને આપવામાં આવી રહ્યો છે. હકીકતમાં ભારત સરકાર તરફથી અપાતો એપીએમ ગેસ દિલ્હી, મુંબઈ અને ગુજરાત બધાને એકસરખા જ ભાવથી એટલે કે ૪.૨ U.S. Dollar (માઈનસ રોયલ્ટી) પર MMBTU ગેસ આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી અપાતા ગેસમાં એક પૈસાનો પણ ભાવફરક નથી. ગુજરાતને ગેસ ફાળવણીમાં કેન્દ્ર તરફથી થપ્પડ નામની બેનામી જાહેરાત ગુજરાતની સરકાર દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. કાયદાની જોગવાઈ મુજબ, કોઈપણ જાહેરાત પ્રકાશકના નામ સિવાય જાહેર ન કરી શકાય તેમ છતાં ગેરકાયદેસર રીતે પ્રસિદ્ધ થતી જાહેરાત ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું સદંતર જૂઠ્ઠાણું છે. જ્યારે જ્યારે ચૂંટણી નજીક આવી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની અંદર બેઠેલો ગોબેલ્સનો આત્મા વધુ સક્રિય બની જાય છે અને વધારે પડતાં જૂઠ્ઠાણાંઓ ફેલાવે છે. હકીકતમાં, ગુજરાતની સરકાર ગેસ ઉપર ૧૫% વેટ લે છે, જ્યારે દેશના અન્ય રાજ્યો માત્ર ૪%થી લઈને ૦% સુધી વેટ લે છે. આમ, ગુજરાતમાં વેટ વધારે છે અને ગુજરાતીઓને મોંઘો ગેસ આપવામાં આવે છે તે વાત છૂપાવવા માટે પ્રજાના પૈસે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ લાખો રૂપિયાની જૂઠ્ઠાણાંવાળી જાહેરાત પાછળ પ્રજાના હિતના લાખો રૂપિયા ખર્ચીને ગુજરાતની જનતાને થપ્પડ મારી છે. એપીએમ ગેસ ભારત સરકાર પાસે ૧૧૯.૫૧ MMSCMD મીલીયન મેટ્રીક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર પર ડાયમ (MMSCMD) પર ડે પ્રાપ્ત થાય છે, તેની સામે દેશની જરૂરિયાત ૨૨૬ MMSCMD છે, એટલે કે માંગ કરતાં પુરવઠો ઓછો છે અને તેથી ઘટ પડતો ગેસ આંતરરાષ્ટ્રીય બજારમાંથી ઈમ્પોર્ટ કરવામાં આવે છે. દેશ પાસે કુલ ઉપલબ્ધ એપીએમ ગેસ કે જે ૧૧૯.૫૧ MMSCMD છે, તેમાંથી ગુજરાતને વર્તમાન કેન્દ્ર સરકારે સૌથી વધારે જથ્થો એટલે કે ૨૬.૭ MMSCMD ફાળવી આપેલો છે. આ સત્ય હકીકત હોવા છતાં, ગુજરાત સરકારની ટીવી પર આવતી બેનામી જાહેરાતોમાં એવું દર્શાવવામાં આવે છે કે, ગુજરાતને કેન્દ્ર સરકાર ગેસ આપતી જ નથી અને ગુજરાતને તો

માત્ર થપ્પડ મારે છે. હકીકતમાં, ભૂતકાળની ભાજપની કેન્દ્રની સરકાર કરતાં પણ ગુજરાતને ગેસ વધારે મળે છે અને એપીએમ ગેસ ૪.૫ MMBTU માઈનસ રોયલ્ટી આ ભાવ ગુજરાત, મુંબઈ અને દિલ્હી માટે એકસરખો જ છે. ગુજરાતમાં પ્રાપ્ત થતા ભારત સરકારના સસ્તા ગેસમાં બહારથી ઈમ્પોર્ટ કરેલો ગેસ ભેળવીને જે પ્રાપ્ત કિંમત થાય તે કિંમતથી ગુજરાતના લોકોને ગેસનું વિતરણ કરવામાં આવે. તેમાં સમગ્ર દેશમાં સૌથી વધારે વેટ ગુજરાત સરકારનો ૧૫% ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત, ડીસ્ટ્રીબ્યુશનની વ્યવસ્થા મુખ્યમંત્રીશ્રીના માનીતા અદાણીને સોંપવામાં આવેલી છે, જેનો લાગભાગ પણ ગુજરાતની જનતા ઉપર ઉમેરાય છે. ગુજરાતની આમ જનતાને પ્રાપ્ત થયેલા ગેસથી ઓછી કિંમતે ગેસ અપાતો નથી, પરંતુ તાજેતરમાં જ કેગ દ્વારા શોધીને અપાયું છે કે, ખરીદ કિંમત કરતાં પણ કરોડો રૂપિયે સસ્તા દરે મુખ્યમંત્રીશ્રીના માનીતા અદાણીને ગેસ આપી દેવામાં આવે છે. આમ, અદાણીને અપાયેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારયુક્ત સસ્તા ગેસનો ભાર ગુજરાતની જનતાને ઉઠાવવો પડે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જો સાચા હોય તો અદાણીને સસ્તા ભાવે અપાયેલ કરોડો રૂપિયાના ગેસની કેગની નોંધ તેમજ ભારત સરકાર તરફથી કુલ માત્ર ૧૧૯.૫૧ MMSCMD ગેસમાંથી ૨૬.૭ MMSCMD ગેસ જે ગુજરાતને મળે છે તેની તેમજ મુખ્યમંત્રીના માનીતાને અપાતા કમિશન અંગેની ચર્ચા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ સાથે જાહેર પ્રજાકીય મંચ ઉપર આવીને કરે. ગુજરાતમાં ગેસ ગુજરાત સરકારના જ જાહેર સાહસ જીએસપીસી પાસે ભારત સરકારમાંથી પ્રાપ્ત થાય છે અને ઘટતો ગેસ જીએસપીસી ઈન્ટરનેશનલ માર્કેટમાંથી ખરીદે છે અને તે ગેસ પૈકી ગુજરાત સરકારનું જ જાહેર સાહસ ગુજરાત એસ.ટી. કોર્પોરેશન સીએનજી ગેસ વાપરે છે. આમ, એક જ માણસના એક ખિસ્સામાં ઉપલબ્ધ વસ્તુને બીજા ખિસ્સામાં પહોંચાડવાની હોય તો કોઈ શાણો માણસ વચોટીયો રાખે નહીં, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગુજરાત સરકારના જ એક જાહેર સાહસ જીએસપીસીનો ગેસ સરકારના જ બીજા જાહેર સાહસ ગુજરાત એસ.ટી. કોર્પોરેશનને આપતાં પહેલાં અદાણીને વચેટીયા તરીકે રાખીને લાખો રૂપિયાનું કમિશન આપે છે.

ગુજરાતમાં અછતની પરિસ્થિતિ પેદા થઈ છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક અછત જાહેર કરીને લોકોને મદદરૂપ થવું જોઈએ, જે કરતા નથી. ખેડૂતો આત્મહત્યા કરે છે, પશુધન તરફડે છે, નર્મદાનું પાણી દરિયામાં વહી જાય છે, તે પાણી ખેડૂતોના ખેતર સુધી કે ઉપલબ્ધ તળાવડાઓ સુધી કે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છની નદીઓ સુધી પહોંચાડવાને બદલે સાબરમતીમાં પાણી રાખીને મોટરબોટની મુખ્યમંત્રીશ્રી મજા માણે છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં મોટા મોટા પેકેજની જાહેરાત કરીને કશું જ નહીં આપનાર મુખ્યમંત્રી પોતાના જૂઠ્ઠાણાંઓથી લોકોને ગુમરાહ કરવા માટે કેન્દ્ર સરકાર પર આક્ષેપોના સદંતર જૂઠ્ઠાણાં ચલાવે છે. ટી.વી.માં અપાતી જાહેરાતોનું ખર્ચ ભાજપ પક્ષે ઉઠાવવું જોઈએ, તેને બદલે ગુજરાત સરકારની તિજોરીમાંથી લાખો રૂપિયાની સદંતર જૂઠ્ઠાણાંવાળી જાહેરાતો કે જેમાં જાહેરાત આપનારનું નામ સુદ્ધાં ન હોય તેવી આપવામાં આવી રહી છે, જે સદંતર ગેરકાયદેસર છે. પ્રજાના આ નાણા પર ગુજરાતની જનતાનો અધિકાર છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)** અંગત મદદનીશ